

રિવર્સમાં : વડોદરાના પારુલ કેમ્પસમાં રિવર્સમાં ચાલતા સ્કૂટરનો સફળ પ્રયોગ વિદ્યાર્થીઓએ કર્યો છે (તસવીર : કીર્તિ પંડ્યા)

## વડોદરા નજીક પારૂલ કેમ્પસમાં

# રિવર્સ ગેરમાં સ્કુટર ચલાવવાના સફળ પ્રયોગો

(પ્રતિનિધિદ્વારા) વડોદરા, શનિવાર

કાર જેવું રિવર્સ ગિયર બાઇક કે સ્કુટર જેવા ટુ વ્હીલરમાં હોતુ નથી. મોટાભાગે તેની જરૂર પણ વર્તાતી નથી પણ ખાસ કરીને વિકલાંગ વ્યક્તિઓ ટુ-વ્હીલરને મોડીફાઇડ કરી થ્રિ વ્હીલર બનાવી ચલાવે છે તેમને રિવર્સ ગેર ઉપયોગી બની શકે છે. આવું રિવર્સ ગેર ધરાવતું સ્કુટર ચલાવવાના સફળ પ્રયોગ વડોદરા નજીકની પારૂલ એન્જીનીયરીંગ કોલેજના વિદ્યાર્થીઓએ કર્યા છે.

અપંગ વાહન ચાલકોને તેઓના થ્રી-વ્હીલર બાઇક અને સ્કૂટર ભરચક ટ્રાફીકમાંથી થ્રી વ્હિલર બાઇક કે સ્કૂટરને બહાર કાઢવું કપરૂં હતું. પરંતુ આ હવે તેઓ રીવર્સ ગીયરમા વાહનને હંકારી સલામતીથી બહાર નિકળી શકશે.

રીવર્સ ગીઅર ટેકનોલોજી ઇન ટુ વ્હિલરના પ્રોજેકટના ભાગરૂપે કરાવેલા પ્રયોગમાં વાહન ચાલકે એક માત્ર વધારાનું ગીઅર બોક્ષ વાહનમાં ફિટ કરાવવા પૂરતો ખર્ચ કરવાનો રહેશે. આ ગીઅર બોક્ષમાં ચાર ગીઅર રહેશે. સ્કૂટર અને બાઇક બંનેમાં ત્રણ ગીઅર ઉપરાંત એક રીવર્સ ગીઅર રહેશે. જેનો ઉપયોગ વાહનને રીવર્સમાં હંકારવામાં કરી શકાશે. અત્રે ઉલ્લેખનિય છે કે અત્યાર સુધી માત્ર થ્રી વ્હિલર ટેમ્પો રીક્ષા તથા ફોર વ્હિલર કારમાં જ રીવર્સ ગીઅરની સૂવિધા મળી રહેતી હતી.

ખાસ કરીને અપંગ વાહનચાલકો જેઓ સ્કૂટર અને બાઇકમાં વધારાના બે વ્હિલ જોડીને તેનો સંતુલિત કરી દે છે. અને આ રીતે સંતુલીત કરાયેલા બાઇક અને સ્કૂટર તેઓ હંકારે છે. પરંતુ તેઓ માટે ભીડ વાળી કે સાંકડી જગામાં વાહન હંકારી ગયા હોય કે ટ્રાફીકમાં ફસાઇ ગયા હોય તેવા સમયે પોતે વાહનને સરળતાથી કાઢી સલામત બહાર નિકળી જવુ મુશ્કેલ થઇ જતુ હતુ.

પરંતુ હવે આ રિવર્સ ગેરનો ઉપયોગ કરવાથી તેઓ માટે ટ્રાફિક જામ અને ભીડવાળી જગામાંથી બહાર નિકળવું સરળ થઇ રહેશે તેવો વિશ્વાસ પારૂલ કેમ્પસના અટોમોબાઇલ એન્જીનિયરીંગ ડિપ્લોમાંના ત્રીજા વર્ષમાં ભણતા વિદ્યાર્થીઓએ વ્યક્ત કર્યો હતો. રીવર્સ ગીઅર ટેકનોલોજી ઇન ઓટોમોબાઇલનો પ્રોજેક્ટ હાથ ધરનારા વિદ્યાર્થીઓમાં પાર્થ ચવ્હાણ, ભાવેશ સારંગ, હર્ષ શેઠ સચીન પારેખ, મેંયુર હિરેન, નીખીલ પ્રજાપતીનો સમાવેશ થાય છે. માત્ર ૧૦ દિવસના ગાળામાં સંપૂર્ણ પ્રોજેકટને કાર્યાન્વિત કરનારા પારૂલ કેમ્પસના વિદ્યાર્થીઓ ૧ લીટર પેટ્રોલમાં મહત્તમ એવરેજ આપી શકે તેવુ કાર એન્જીન બનાવવા પ્રયોગો કરી રહ્યા છે.

## ખાસ કરીને અપંગ વાહનચાલકો માટે આશીર્વાદરૂપ થઇ શકે